ગાંધીનગર સમાચાર
તા. ૨-૯-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### પાડોશી દેશની પળોજણ : લશ્કરી શાસનના સંકેત?

પાકિસ્તાનની માઠી દશા બેઠી છે. પાડોશી દેશ તરીકે ભારત માટે પણ એની આ વિટંબણા ચિંતાનો વિષય છે. એકી સાથે આઝાદ થયેલાં બે રાષ્ટ્રો પૈકી ભારતમાં લોકશાહી પરિપક્વ બનતી રહી જયારે પાકિસ્તાન લોકશાહી પચાવી શક્યું નહીં. શરૂથી જ અવળા શુકન મંડાયા હતા અને પાકિસ્તાનના રાષ્ટ્રપિતા જનાબ મહંમદ અલી ઝીણાને એમની છેલ્લી અવસ્થામાં એનો અહેસાસ પણ થઇ ગયો હતો. દેશના ભાગલા પડાવવામાં પ્રમુખ ભૂમિકા ભજનવાર આ મહાન નેતા એમના અંતિમ દિવસોમાં ગાંધીજી જેટલા જ વ્યથિત હતા અને પોતાના ખોટા નિર્ણય બદલ પસ્તાવો કરતા હતા. પરંતુ તબેલામાંથી ઘોડા છૂટી ગયા પછી એમના વાંઝિયા પશ્ચાતાપનો કોઇ અર્થ નહોતો. એ રાંડ્યા પછીનું ડહાપણ હતું. ઝીણાની ભૂલનાં પરિણામ એમના દેશની નિર્દોષ પ્રજા આજપર્યંત ભોગવી રહી છે. પાકિસ્તાનમાં વચ્ચે વચ્ચે લોકશાહીના ચમકારા વરતાય છે, પરંતુ પડદા પાછળ તો શાંતિના સમયગાળામાં પણ સેના જ રાજ કરે છે. ચૂંટાયેલા નેતાઓનું સેનાને મન ત્યાં કશું જ મહત્ત્વ નથી. જનરલ ઐયુબખાન, જનરલ યાહ્યાખાન, જનરલ ઝિયાઉલ હક કે જનરલ મુશર્રફ સેનાપતિ તરીકે પાકિસ્તાનની ચૂંટાયેલી સરકારોને ઉથલાવી સત્તાનાં સિંહાસનો પર ચઢી બેઠા અને પછી દેખાવ પૂરતી ચૂંટણી યોજાવી પોતાને લોકશાહી ઢબે ચૂંટાયેલા નેતાઓ તરીકે પ્રસ્થાપિત કરાવતા રહ્યા. ઝુલ્ફીકાર અલી ભુટ્ટો અને એમની લોકપ્રિય પુત્રી બેનઝીરના પાકિસ્તાનમાં જે હાલહવાલ થયા તે કરૂણ દાસ્તાન લોકશાહીના નામ પર કલંક સમાન જ ગણાય. હાલના વડાપ્રધાન જનાબ નવાઝ શરીફને ઉથલાવીને સત્તાસ્થાને ચઢી બેઠેલા જનરલ મુશર્રફના માથે પણ તલવાર તોળાઇ રહી છે તો સામે પક્ષે લોકશાહીને જીવંત રાખવા મથતાં રાજકીય પરિબળો વચ્ચે ગળાકાપ હરિફાઇ જામી છે. પંદરમી ઓગસ્ટથી જ ઈસ્લામાબાદ - રાવલપિંડી તરફ કૂચ કરી આવેલ પૂર્વ ક્રિકેટર અને વિપક્ષનાં નેતા ઈમરાન ખાન અને એમન ઝુઝારુ મૌલાના તાહિર-ઉલ-કાદરીની આગેવાની હેઠળ હજારો સમર્થકોએ સંસદને ઘેરો ઘાલ્યો છે. એમને નવાઝ શરીફના રાજીનામાંથી ઓછું એવું કોઇ જ સમાધાન મંજૂર નથી. ૨૦૧૩ની ચૂંટણીમાં નવાજ શરીફની પાર્ટી ઘાલમેલ કરીને જીતી હોવાનો આક્ષેપ કેટલો સાચો હશે, એટલી આગાહી જરૂર કરી શકાય એમ છે. શરીફે લોકશાહી ઢબે ચર્ચા કરવાની તૈયારી દર્શાવી હોવા છતાં દેખાવકારો તૈયાર નથી. એમણે સચિવાલયમાં પ્રવેશ કરવાની કોશિશ કરી છે અને સરકારી 'પીટીવી'ની પ્રસારણ સેવાઓ થોડા કલાકો સુધી બંધ કરાવી દીધી હતી. લશ્કરે પીટીવીમાંથી અરાજક તત્ત્વોને ખસેડ્યાં છે. ભારતની જેમ પાકિસ્તાનમાં પણ વિશ્વસનીયતાની રૂએ અદાલતનું માધ્યમ તો છે, પરંતુ લશ્કર સર્વોપરી છે. નવાઝ શરીફના નિવાસસ્થાન પર હુમલો થતાં પોલીસને કાર્યવાહી કરવી પડી છે. જેથી સાત જણનાં મોત થયાં છે અને સેંકડો ઘાયલ થયેલ છે. આવા સંજોગોમાં આર્મી માટે કૂદી પડવાની ઉમદા તક રહે તે સ્વાભાવિક છે. જો આર્મીના વડાને સર્વોચ્ચ સ્થાને બિરાજવાનો અભરખો જાગે તો આવી પરિસ્થિતિમાં પાકિસ્તાનમાં વધુ એક વાર લશ્કરી શાસન આવી શકે છે. જે દેશનાં સત્તાધારીઓ પોતે જ અસલામત હોય તે પાડોશી રાષ્ટ્ર સાથેના સંબંધો સુધારવામાં નડતર રૂપ બનતી આર્મી કે આઇએસઆઇ પર અંકુશ રાખી શકે ખરા? ભારતે સાવધ રહેવું જ રહ્યું.







(તસવીર : કશ્યપ નીમાવત)

શ્રી અખિલ આંજણા કેળવણી સંચાલીત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા 'બેટી બચાવો' અભિયાન અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાલુ વરસાદે આ રેલીએ ધ્યાન ખેંચ્યું હતું.

# બાલવાનો અથ્લેટીક્સમાં વિજય

ગાંધીનગર, તા. ૧

રાંધેજા અડાલજ વિભાગની એથ્લેટીક્સ સ્પર્ધા બાલવા ખાતે યોજાઈ હતી. જેમાં શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ, બાલવાના વિદ્યાર્થીનીઓએ અંડર-૧૪, ૧૭, ૧૯ ગૃપમાં વિજેતા થયા. જેમાં અન્ડર-૧૪ બહેનોમાં ઠાકોર આરતી ૧૦૦ મી. ૪૦૦ મી. લાંબીકુદમાં પ્રથમ, ભાટી સુરેખા ૮૦મી. વિઘ્ન, ૨૦૦મી. ઉંચીકુદ પ્રથમ અન્ડર-૧૭ બહેનોમાં પટણી આરતી બરછીફેંકમાં પ્રથમ, ગોળાફેંકમાં દ્વીતીય, ચૌધરી સૃષ્ટી ૧૦૦ મી. ૪૦૦ મી.માં દ્વીતીય, ૧૦૦ મી. વિઘ્નમાં તૃતીય, ચૌધરી પ્રિતી ૩૦૦૦ મી. માં તૃતીય, ભાટી જયશ્રી ઉંચીકુદમાં તૃતીય લંગડીફાળ કુદમાં પ્રથમ, અન્ડર-૧૯ બહેનો વાઘેલા પરમેશ્વરી ૨૦૦ મી. ૫૦૦૦ મી. માં પ્રથમ, ચૌધરી પિન્કી ૪૦૦ મી. લાંબીકુદ ૧૧૦ મી. વિઘ્નમાં પ્રથમ, વાઘેલા પલક ૮૦૦ મી. તૃતીય, ૩૦૦ મી. દ્વીતીય, ચૌધરી નિષા ચક્રફેંકમાં પ્રથમ ગોળાફેંકમાં દ્વીતીય, બરછી ફેંકમાં દ્વીતીય નંબરો પ્રાપ્ત કર્યા હતા.

આ ખેલાડીને શાળાના વ્યાયામ શિક્ષકશ્રી શૈલેષકુમાર કે. પટેલ દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. જેમને શાળાના આચાર્યશ્રી પરમાર અર્જુનસિંહ બી. શાળાના પ્રમુખ અને ટ્રસ્ટીઓએ સૌને અભિનંદન આપ્યા હતા.




શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે ગણેશ ભગવાનની સ્થાપના કરવામાં આવી છે. કોલેજ પરિવાર અને વિદ્યાર્થીનીઓ દ્વારા રોજ પૂજા કરવામાં આવે છે. આજરોજ વિસર્જન કરવામાં આવશે.
(તસવીર : કશ્યપ નીમાવત)

## નાંદોલની શાળાનો શાનદાર દેખાવ

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા ગ્રામ્ય વિભાગની અંડર-૧૭ જુડો સ્પર્ધા તાજેતરમાં સે-૨૧ ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી. નાદોલની આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. સ્પર્ધામાં દિનેશ વસાણી, અરજણ ધિયડ, કેતન ઠાકોર સંયુકત રીતે પ્રથમ અને જયેશ દેંગડા, રામસી સાંબડ, બીજા ક્રમે વિજેતા બન્યા હતા. પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ સ્પર્ધકો રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. તમામ ખેલાડીઓને શાળાના આચાર્ય બી.એસ. બારૈયા, વી.કે. ચૌધરી, સોનલ વાઘેલાએ અભિનંદન પાઠવ્યા છે.

## હરિની દૃષ્ટિ...




કાકા હવે જાપાન જઇને જાપાનીઝ ડીશ શીખી આવો, હવે જાપાની ફુડની ફેશન આવશે.



## જ્ઞાનકુંભ
- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડી ગણેશ માલીએ એ કઇ રમતમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો ?
→ **વેઇટ લિફ્ટિંગ**
૨. ૨૦૧૪માં કયા ખેલાડીને 'એમ્બેસેડર ઓફ ગુલવિલ પુરસ્કાર' આપી સન્માનિત કરવામાં આવ્યો હતો ?
→ **સાઇના નહેવાલ**
૩. ૨૦૧૪માં વિશ્વની કઇ સંસ્થામાં ઇઝરાયેલના વિરુદ્ધમાં ગાજા મામલે પ્રસ્તાવતા પાસ કરવામાં આવ્યો હતો ?
→ **UNHRC**
૪. ૨૦૧૪માં તાઈવાનના દરિયા કિનારે કયા વાવાઝોડાએ તબાહી મચાવી હતી ?
→ **ટાયફૂન**
૫. ૨૦૧૪માં દૂરદર્શનના કયા કાર્યક્રમને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન આપવામાં આવ્યું છે ?
→ **નાદ ભેદ - ધ મિસ્ટ્રી ઓફ સાઉન્ડ**
૬. ૨૦૧૪માં કઇ પ્રથમ અશ્વેત મહિલા ઓલંપિક ચેમ્પિયનનું નિધન થવા પામ્યું હતું ?
→ **એલિસ કોચમેન**
૭. ૨૦૧૪માં ૪૫માં ભૌતિક ઓલંપિયાડનું આયોજન કયા કરવામાં આવ્યું હતું ?
→ **અસ્તાના**
૮. ૨૦૧૪માં બ્રિટીનના રાજકોષ સચિવ તરીકે ભારતીય મૂળના કયા વ્યક્તિની નિમણૂંક કરવામાં આવી છે ?
→ **પ્રીતિ પટેલ**
૯. ૨૦૧૪માં કયા ભારતીય કલાકારને બર્કલી કૉલેજ ઓફ મ્યુઝીક દ્વારા ડૉકટરેટની માનદ ઉપાધિ આપવામાં આવી ?
→ **એ. આર. રહેમાન**
૧૦. ૨૦૧૪માં ઈન્ડોનેશિયાના નવા રાષ્ટ્રપતિ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
→ **જોકો વિદોદો**
૧૧. ૨૦૧૪માં ફુટબોલ રમતમાંથી નિવૃત્ત થનાર ફિલિપ લહમ કયા દેશની ફુટબોલ ટીમના કેપ્ટન છે ?
→ **જર્મની**
૧૨. ૨૦૧૪માં મલેશિયાના યાત્રી વિમાનને યુક્રેનમાં કઇ મિસાઇલ દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું ?
→ **એસ.એ-૧૧**
૧૩. ૨૦૧૪માં ઈરાકના રાષ્ટ્રપતિ પદે કોની વરણી કરવામાં આવી છે ?
→ **મોહમ્મદ ફુઆદ માસૂમ**
૧૪. ૨૦૧૪ બ્રિક્સ વિકાસ બેંકના બોર્ડ ઓફ ગવર્નસની પ્રથમ અધ્યક્ષતા કયા દેશને આપવામાં આવી છે ?
→ **રશિયા**
૧૫. જર્મન ગ્રાંડ પ્રીક્સ-૨૦૧૪ કયા ખેલાડીએ જીતી હતી ?
→ **નીકો રોસેબર્ગ**
૧૬. ૨૦૧૪માં ભારતની મુલાકાતે આવેલા 'જિમ યોગ કિમ' કઇ બેંકના અધ્યક્ષ છે ?
→ **વિશ્વ બેંક**
૧૭. ગ્લોબલ ઈનોવેશન સૂચકાંક-૨૦૧૪માં ભારતનું સ્થાન કેટલામું છે ?
→ **૭૬મું**
૧૮. ૨૦૧૪માં બિઝનેશ-૨૦ (બી-૨૦) શિખર સંમેલનનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?
→ **સિડ્ની**
૧૯. ૨૦૧૪માં કયા દેશને ફિફાની વિશ્વ રેકિંગમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે ?
→ **જર્મની**
૨૦. ૨૦૧૪માં કયા દેશના યાત્રી વિમાનને પૂર્વી યુક્રેનની હદમાં તોડી પાડવામાં આવ્યું ?
→ **મલેશિયા**

# કૃષ્ણ ગીતોનો આહ્લાદક કાર્યક્રમ : ગોવિંદા આલા રે...

ભારતની સવા અબજની વસ્તીનો લોકનાયક, લોકદેવતા, જનતા જર્નાદન, મનમોહન, માધવ, નંદલાલ, શ્યામ મુરલીધર, ગોવર્ધનધારી, ગિરિધર, ગોપાલ, ગોવિંદ, દેવકીનંદન, મા જશોદાનો જાયો, મોરપિચ્છધારી, ગોપીઓનો દુલારો, લાડલો, કાનડ કાળો, નટવર નાગર, રાસબિહારી, શ્યામસુંદર, છેલછબીલો છોગાળો એટલે જ ભગવાન શ્રીકૃષ્ણ....

કૃષ્ણ એટલે શ્યામ, કૃષ્ણ એટલે આકર્ષણ, કૃષ્ણ એટલે અણુ અણુમાં વ્યાપેલી ચેતના, કૃષ્ણ એટલે પૂર્ણ પુરૂષોત્તમ. કૃષ્ણ એ આપણા આરાધ્ય દેવ છે, જીવંત-જાગૃત દેવ છે... કૃષ્ણ એ નંદનો આનંદ છે, ગોપીઓનો પ્રાણ છે. આવો ગાતો, નાચતો વાંસળી વગાડતો ઇશ્વર છે. જેની અનુભૂતિ અત્ર, તત્ર, સર્વત્ર પામી શકાય છે.

તાજેતરમાં જન્માષ્ટમીના લોકોત્સવ બાદ કલાગુર્જરી ગાંધીનગરે કૃષ્ણભક્તિના લોકભોગ્ય, સર્વોત્કૃષ્ટ, ગીતોનો અદ્દભૂત કાર્યક્રમ ગોવિંદા આલા રે...યોજીને ગાંધીનગરના ગુણિયલ, ગુણીજનો-પ્રેક્ષકોને ભારે દાદ મેળવી છે. ગોવિંદા આલા રે...ના પ્રારંભે કલાગુર્જરીના અગ્રણી મહેન્દ્રભાઇ ભાવસારે એક નાનકડો ઉપક્રમ સંપન્ન કર્યા બાદ સંસ્થાના પ્રમુખ એન.પી. પટેલે સ્વાગત ઉદ્દ્બોધન તેમજ સંસ્થાના પેટ્રન તેમજ પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઇ ત્રિવેદીએ કાર્યક્રમની ભૂમિકા બાંધી હતી. ગોવિંદા આલા રે... કાર્યક્રમની પરિકલ્પના સુરીલી સરગમના પ્રણેતા - મોભી અને જાણીતા નાટ્ય અભિનેતા સલીલ મહેતાએ તેમની આગવી શૈલીમાં ભગવાન શ્રીકૃષ્ણનો ગુણાનુવાદ - મહિમા વર્ણવ્યા પછી કાર્યક્રમનો દોર, સંચાલન મુંબઇ સ્થિત સુપ્રસિદ્ધ કવિશ્રી શોભિત દેસાઇને સોંપ્યો હતો. કવિ શોભિત સેદાઇએ કાર્યક્રમનો શુભારંભ પોતાની સુંદર કાવ્યકૃતિ 'ગોવિંદા આલા' થી જ કરીને ઉપસ્થિત શ્રોતાગણની ભરપૂર વાહવાહી મેળવી લીધી...

ગોવિંદા આલા રે... ની સૂરમયી, મનમોહક પ્રસ્તુતિ ભાઇ પ્રહર વોરાના સમુધુર કંઠે સાધકવિ નરસિંહ મહેતાની કાવ્યકૃતિ પ્રભાતિયાથી, જાગને જાદવા... થી આરંભાઇ. નરસિંહ મહેતાના આ સુંદર પ્રભાતિયાથી રાત્રિ હોવા છતાંય સાચેસાચ પ્રેક્ષકોએ ખુશનુમા પરોઢનો રોમાંચ, લુત્ફ માણ્યો... ગોવિંદા આલા રે... ના કાર્યક્રમમાં સુરીલા, મધુર કંઠના માલિક એવા જાણીતા ગાયકવૃંદમાં કલ્યાણી કૌઠાળકર, અસીમ મહેતા, પ્રહર વોરા અને હસમુખ પાટડીયા હતા.

હસમુખ પાટડિયાના કંઠમાં સુગમ સંગીત, લોકસંગીત અને ભજન સંગીતના ત્રિવેણી સંગમની વિશિષ્ટતા માણવા મળે છે. તેમના સ્વરમાધુર્યમાં પ્રેક્ષકોને અત્યંત પ્રચલિત ભજન રામ સભામાં અમે રમવાને ગ્યાં તા... ને મન ભરીને માણ્યું. ગોવિંદા આલા રે... ના સંગીત મઢ્યા કાર્યક્રમમાં કવિ શોભિત દેસાઇ એ પોતાની સાહિત્યિક સાધનાનો સુંદર પડઘો પાડીને તેમણે ઋષિ કવિ રાજેન્દ્ર શુક્લની ગઝલ 'હજો હાથ કરતાલ ને ચિત્ત ચાનક' ની બખૂબી રજૂઆત કરી... તેઓએ તેમના સંચાલનમાં ગોપીઓના કૃષ્ણ પહેલાં જો, કૃષ્ણ સાથેની અને કૃષ્ણ પછીની રાધાની મનોવેદના અને વલોપાતનું અદ્દભૂત બયાન આપ્યું. ભગવાન શ્રીકૃષ્ણની જાણે સાક્ષાત હાજરીનો અહેસાસ કરતા હોઇએ તેવી ઉત્તમોત્તમ ગીતોની ગાયક કલાકારો દ્વારા થતી રહેલી સુંદર રજૂઆતથી પ્રેક્ષકો ભાવસમાધિમાં લીન થઇને ગોકુળ-વનરાવનની કુંજગલીઓમાં જાણે વિહરી રહ્યા હોય તેવું અનુભવી રહ્યા હતા...! કવિ સુરેશ દલાલની અત્યંત વિખ્યાત રચના : રાધાનું નામ તમે વાંસળીના સૂરમાં વહેતું ના મેલો ઘનશ્યામ... ની લાજવાબ રજૂઆત કલ્યાણી કૌઠાળ કરે કરીને શ્રોતાઓને ડોલાવી દીધાં...

ભગવાનને, હરિવરને પામવાની મથામણ દરેકની હોય છે જ. ઇશ્વરને, પ્રભુને રીઝવવા માટે ભક્તો તેના માટે કાંઇ પણ કરી છૂટવા હંમેશા તત્પર હોય જ છે... તેથી જ તો ભક્ત શ્રીજી બાવાને કે હરિ માટે હવેલી બંધાવવા તૈયાર થઇ જાય છે, તે સંદર્ભમાં અસીમ મહેતાએ અત્યંત ભાવસભર ગીત ગાયું : હવેલી બંધાવી દઉં શ્રીજી તારા નામની, ધજાઓ ફરકાવી દઉં હરિ તારા નામની. ઉપરોક્ત ગીતને અનુમોદન આપતા ઉર્દૂ શાયર પરવીન શાકિરના લાજવાબ શેરને ટાંકતા કવિ શોભિતે કહ્યું કે : મૈં ભી રાધા સે કોઇ કમ તો નહીં હું શબનમ્, સાંવલે રંગ કા એક શખ્સ મુઝે પ્યારા હૈ. કમાલે ઝબ્ત કો ઇસ તરણ આજમાઉંગી, મૈં અપને હાથોં સે ઉન્કી દુલ્હન સજાઉંગી.

ગુજરાતી સાહિત્યમાં આદિ કવિ નરસિંહ મહેતા અને મેવાડની મીરાંએ શ્રીકૃષ્ણના સુંદર પદો લખ્યા છે તેવા જ શ્રીકૃષ્ણના પદો - ગીતો કવિ શ્રેષ્ઠ રમેશ પારેખે પણ લખ્યાં છે. તેમણે લખ્યું છે કે : હરિ હું ઘેંસ થઇને બેઠી, બેઠાં બેઠાં નવરસની કુંજ ગલીમાં પેઠી.

### ઉઘડતે પડદે
- ભરત કવિ

કૃષ્ણ ગીતો હિંદી ફિલ્મોમાં પણ એટલાં જ લખાયાં - ગવાયાં છે. ફિલ્મ - સત્યમ્ -શિવમ્-સુંદરમ્નું ગીત - યશુમતિ મૈયા સે બોલે નંદલાલા, રાધા કયું ગોરી, મૈં કયું કાલા - ને પોતાના મખમલી, મધમાં ઝબોળેલા સુરોમાં કલ્યાણી કૌઠાળકરે રજૂ કરીને શ્રોતાઓને રસતરબોળ કરી દીધા...

મિત્રતાની વાત આવે ત્યારે શ્રીકૃષ્ણ-સુદામાની ભાઇબંધી-ગોઠડી કોને યાદ ન આવે? કવિ કાંતિ અશોકની રચનાનું સુરોત્તમ એવા શ્રીપુરૂષોત્તમ ઉપાધ્યાયના સ્વરાંકનનું સદાબહાર ગીત : નહિ રે જાણેલી, કદિ નહી રે માણેલી, જેની ગોઠડી તોળાય નહીં તોળી રે... સંતો રે એવી કૃષ્ણ-સુદામાની જોડીનું ગીત ભાઇ પ્રહર વોરા અને અસીમ મહેતાની જોડીએ એવું જમાવ્યું કે શ્રોતાગણ પણ ઝૂમી ઉઠ્યો...

ભગવાન શ્રીકૃષ્ણની અપાર લીલાને આલેખતું કાળી નાગના દમનનું ખૂબ જાણીતું નરસિંહ મેહતાનું : જળ કમળ છોડી જાને બાળા... નું ગીત ચારેય કલાકારોએ સમૂહ સ્વરોમાં રજૂ કર્યું જેમાં શ્રોતાઓએ પણ સૂર પુરાવ્યો...

આ પ્રસંગે મહેમાન તરીકે આવેલી કલાકાર બેલડી મંગલ ગઢવી અને ભાવના રાણાએ પોતાના ગરવા, નવરા, સરવા અને હલકદાર સાદે : કાન તારી મોરલીએ ગરવો ઘેલો કીધો અને કૃષ્ણ ભગવાન હાલ્યા દુવારકાને કાંઇ લીધો રે મણિયારા વાળો વેશે રજૂ કરીને લોકગીત-લોકસંગીત કેટલું સૂરીલું - બળુંકું છે તેની પ્રતીતિ કરાવી દીધી. લોકગીતનું પ્રસ્તુતી દરમિયાન ગાયક કલાકારોએ પોરો ખાઇ લીધા બાદ કવિ હરિન્દ્ર દવેની જાણીતી રચના : રાધાની લટની લહેરાતી કાળાશે ખોવાયો કહાન કેમ શોધું - નું પરેશ ભટ્ટના સ્વરાંકનવાળું મજેદાર ગીત પ્રહર વોરાએ સરસ રીતે રજૂ કર્યું. ગોવિંદા આલા રે... માં ગુજરાતી સુગમ સંગીત, ફિલ્મી સંગીત, લોકસંગીતની સાથે શાસ્ત્રીય આલાપવાળું એક અનોખું ગીત : મેહૂલો ગાજે ને માધવ નાચે, રૂમઝૂમ વાગે પાય ઘૂઘરડી ને યુગલ સ્વરોમાં અત્યંત ઋજુલ - મધુર અને આહ્લાદક સૂરોમાં ગાયું વરિષ્ઠ કલાકાર હસમુખ પાટડિયા અને કોકિલ કંઠી, મલ્લિકાએ તરન્નુમ કલ્યાણી કૌઠાળકરે... સ્વ. ઇસ્માઇલ વાલેરાએ ગાયેલું કાળજયી ગીત-ભજનઃ ઓધાજી રે મારા વાલાને વઢીને કે'જો માને તો મનાવી લેજો રે...ને અત્યંત પ્રભાવશાળી રીતે, હૃદયને સ્પર્શી જાય તેવી ઢબે ભાઇ અસીમ મહેતાએ રજૂ કરીને શ્રોતાઓને ભાવવિભોર કરી દીધા... આવા સુંદર ભજન બાદ સૂરસામ્રાજ્ઞી કલ્યાણી કૌઠાળકરે સુંદર મજાનું હોળી ગીત તેમજ હરિ ૐ... હરિ ૐ હરિ બોલ... ને પેશ કરીને આધ્યાત્મિ ઊંચાઇનો, ભક્તિનો માહોલ ખડો કરી દીધો...

વૈષ્ણવ સંપ્રદાયનું ઘરોઘર જાણીતું, અતિ લોકપ્રિય, સદાબહાર ગીત : મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજા, યમુનાજી, મહાપ્રભુજીને કલ્યાણી કૌઠાળકર, અસીમ મહેતા, પ્રહર વોરા અને હસમુખ પાટડિયાએ સમૂહ સ્વરોમાં રજૂ કરીને ટાઉનહોલને કૃષ્ણમય બનાવી દીધો..આદિ કવિ ભક્ત નરસિંહ મહેતાના 'કેદારા' તરીકે સુપ્રસિદ્ધ પદઃ ભૂતળ ભક્ત પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહિ રે.. હરિના જન તો મુક્તિના માગે, માગે જનમોજન અવતાર રે, હસમુખ પાટડિયાએ પ્રસ્તુત કરીને અલખના દરબારની અનુભૂતિ કરાવી દીધી...

કૃષ્ણગીતોના સૂરોત્સવમાં 'મધુરાષ્ટક' તો અનિવાર્ય જ હોય ને? મધુરાષ્ટકની મધુરતન, સુંદર રજૂઆતને કંઠ સાંપડ્યો સુરીલી સરગમની અફલાતૂન ગાયક બેલડી કલ્યાણી કૌઠાળકર અને હસમુખ પાટડિયાનો... મધુરાષ્ટકની સુમધુર પ્રસ્તુતિ પછી રાસગીતોની રમઝટ રજૂ થઇ.. (અલબત્ત ઝલક સ્વરૂપે) જેમાં વૃંદાવનમાં... વૃંદાવનમાં, ખમ્મા મારા નંદજીના લાલ વાંસળી કાં રે વગાડી? વા વાયા ને વાદળ ઉમટ્યાં... વિગેરે...

ગોવિંદા આલા રે... ના કૃષ્ણ ગીતોના આગવા, અનોખા, અનુપમને આહ્લાદક કાર્યક્રમનું સુંદર સફળ સંગીત સંચાલન ભાઇ મયુર દવેનું હતું. જેને સાથ આપ્યો તબલા પર મનીષી રાવલ, ઢોલક પર રીતેષ ઉપાધ્યાય, સાઇડ રીધમ પર દિપેશ ત્રિવેદી, ઓકટોપેડ પર મનીષ કંસારા અને ફ્લુટ ઉપર કેયુર સોનીએ.

કલાગુર્જરીના સંવાહકો સર્વ એન.પી. પટેલ, મહેન્દ્રભાઇ ત્રિવેદી, જયરાજસિંહ સરવૈયા, આશાબહેન સરવૈયા, નરેન બ્રહ્મભટ્ટ અને મનોજ જોશી અને તેમની સમગ્ર ટીમને આવા સંગીતમય, સૂરમય કાર્યક્રમ કાર્યક્રમના અદ્દભૂત આયોજન બદલ કલાગુર્જરીના તમામ સભ્યો સહુને અંતઃકરણને અભિનંદન પાઠવતાં અત્યંત આનંદ અનુભવે છે.